**Divya Bhaskar, Ahmedabad, December 02, 2009**

# આઈટી વીઝમાં અગ્રસેન ચેમ્પિયન




**શુભેચ્છા :** ટાગોરહોલ ખાતે ક્વિઝ કોમ્પિટિશનમાં અમદાવાદની મહારાજા અગ્રસેન સ્કૂલના સ્ટુડન્ટ્સ વિજેતા રહ્યાં હતા

**સિટી રિપોર્ટર »**

ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં અમદાવાદના વિદ્યાર્થીઓની માસ્ટરી જોઈ ઉપસ્થિત આઈટીના નિષ્ણાતો પણ દંગ રહી ગયા હતા. ટાગોર હોલ ખાતે યોજાયેલી ટીસીએસ આઈટી ક્વિઝ-૨૦૦૯ સ્પર્ધામાં ભાગ લેવા સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ અમદાવાદ આવ્યા હતા. કોમ્પિટિશનમાં ૮૦થી વધુ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અમદાવાદ, ગાંધીનગર અને વડોદરાની ૬ સ્કૂલોના ૧૨ વિદ્યાર્થીઓ ફાઈનલ રાઉન્ડમાં પ્રવેશ્યા હતા. સ્પર્ધામાં સૌથી વધારે ૯૫ પોઈન્ટ મેળવીને અમદાવાદની મહારાજા અગ્રસેન સ્કૂલના વિદ્યાર્થીઓ નયન ગોયલ અને વિનય મહેશ્વરી વિજેતા બન્યા હતા, જ્યારે નવરચના વિદ્યાલય વડોદરાના વિદ્યાર્થીઓ શોએબ અને મંથને બીજો ક્રમ મેળવ્યો હતો.

વિદ્યાર્થીઓએ જાણીતા ક્વિઝ માસ્ટર ગિરી બાલાસુબ્રમણ્યમ દ્વારા પૂછવામાં આવેલા અઘરા સવાલોના ઝડપથી અને કુશળતાપૂર્વક જવાબ આપ્યા હતા જે જોઈ હોલમાં ઉપસ્થિત આઈટીના નિષ્ણાતો પણ દંગ રહી ગયા હતા. પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામમાં સીઈઈના ડિરેક્ટર કાર્તિકેય સારાભાઈના હસ્તે લેપટોપ આપવામાં આવ્યા હતા.